DAY — **17** SEAT NUMBER | | | | | | |

2025	III	05	1500	**J-414**	(G)

PSYCHOLOGY (48)

Time : 3 Hrs. **(4 Pages)** **Max. Marks : 80**

સૂચના : *(૧) બધાજ પ્રશ્નો અનિવાર્ય છે.*

(૨) જમણી બાજુનાં અંક પૂર્ણ ગુણાંક દર્શાવે છે.

(૩) દરેક પ્રશ્નોનાં ઉત્તર નવા પાના પર લખવાની શરૂઆત કરવી.

પ્ર. ૧. (અ) યોગ્ય પર્યાય લખી વાકયો પૂર્ણ કરો : (૫) **[૨૦]**

(૧) ૧૮૭૦ ના દશક સુધી માનસશાસ્ત્ર ..... શાખા હતી.

(ભૌતિકશાસ્ત્રની, તત્ત્વજ્ઞાનની, શરીરશાસ્ત્રની)

(૨) સંવેદનાના ..... તત્ત્વાનુસાર અપૂર્ણ આકૃતિને પૂર્ણ કરીને જુએ છે.

(સમીપતા, સમાનતા, સમાવેશન)

(૩) ભાવનિક ભાષિક ગેરવર્તનમાં ..... સમાવેશ થાય છે.

(નકાર દેવાનો, બહિષ્કૃત કરવાનો, અપમાનજનક બોલવાનો)

(૪) હાંફ લાગવી એ ચિંતાવિકૃતિનું ..... લક્ષણ છે.

(વર્તનાત્મક, માનસિક, શારીરિક)

(૫) ખુશીની ક્ષણો આપણાં આયુષ્યમાં આવશે જ, એવો વિશ્વાસ એટલે .....

(નિરાશાવાદ, લવચિકતા, આશાવાદ)

(બ) યોગ્ય જોડકાં જોડો : (૫)

'અ' જૂથ	'બ' જૂથ
(અ) રસાયણ શાસ્ત્ર	(૧) આંતર વ્યક્તિક બુદ્ધિમત્તા
(બ) હૉવર્ડ ગાર્ડનર	(૨) સામનો કરવો અથવા ભાગી જવું
(ક) સ્વાદુપિંડ	(૩) વિસંગત ભાવના
(ડ) ડર	(૪) નૈસર્ગિક શાસ્ત્ર
(ઇ) છિન્નમનસ્કતા	(૫) માનસિક વય
	(૬) અંતઃસ્ત્રાવી ગ્રંથિ

(ક) નીચેનાં વાક્યો 'ખરાં' છે કે 'ખોટાં' તે લખો : (૫)

(૧) કૃત્રિમ બુદ્ધિમત્તાની અમુક મર્યાદાઓ છે.

(૨) રાહુલનો ઉછેર ભાવનાત્મક દૃષ્ટિથી સુદૃઢ વાતાવરણમાં થઇ રહ્યો છે. કુટુંબના આવા સુદૃઢ વાતાવરણનાં લીધે રાહુલ વધારે સુસમાયોજિત થશે.

(૩) સર્જનશીલ વિચારો માટે પૂર્વ તૈયારીની આવશ્યકતા હોતી નથી.

(૪) પોતાને જ ઈજા કરવાની પ્રવૃત્તિ એ તે વ્યક્તિને તજજ્ઞ વ્યક્તિની મદદની આવશ્યકતા દર્શાવે છે.

(૫) સકારાત્મક માનસશાસ્ત્રનાં જનક માસ્ટન કહેવાય છે.

(ડ) નીચેના પ્રશ્નોના 'એક' વાક્યમાં ઉત્તર લખો : (૫)

(૧) અમેરિકન માનસશાસ્ત્રનાં જનક કોને કહેવાયા છે ?

(૨) પ્રવાહી બુદ્ધિમત્તા અને સ્ફટિક બુદ્ધિમત્તા આ બુદ્ધિમત્તાની સંકલ્પના કોણે આપી ?

(૩) કથાવસ્તુ આસંવેદન પરીક્ષણનું નિર્માણ કોણે કર્યું છે ?

(૪) નિષ્પક્ષપણે સાંભળવું એટલે શું ?

(૫) બીજી વ્યક્તિની ભાવનાને પોતે અનુભવવી એટલે શું ?

પ્ર. ૨. નીચે આપેલા દરેક પ્રશ્નનાં ઉત્તર ૨૫ થી ૩૦ શબ્દોમાં લખો (કોઈપણ <u>પાંચ</u>) : **[૧૦]**

(૧) માનવતાવાદનાં ઉદયની સંક્ષેપમાં માહિતી લખો.

(૨) ભાવનિક બુદ્ધિમત્તાનો અર્થ તમારા શબ્દોમાં સ્પષ્ટ કરો.

(૩) પ્રધાન ગુણ વિશેષનો અર્થ ઉદાહરણનાં આધારે લખો.

(૪) ભાવનિક અનુભવ લેતી વખતે શરીરનાં બાહ્ય બદલાવ વિશે લખો.

(૫) દ્વિધ્રુવીય વિકૃતિનાં લક્ષણો લખો.

(૬) માનસિક આરોગ્ય પ્રથમોપચારમાં અંધશ્રદ્ધા વ્યક્તિને કયા કારણ સ્વરૂપ રોકે છે ? સ્પષ્ટ કરો.

(૭) વિચારહીનતાનો અર્થ તમારા શબ્દોમાં લખો.

પ્ર. ૩. નીચે આપેલ દરેકની ૫૦ થી ૬૦ શબ્દોમાં ટૂંક નોંધ લખો (કોઈપણ <u>ચાર</u>) : **[૧૨]**

(૧) નિરીક્ષણ પદ્ધતિ

(૨) અવધાન વિભાજન

(૩) ભાવનિક સુદૃઢતાનાં ફાયદા

(૪) ભયગંડ

(૫) ઈન્ટરનેટનો (internet) અતિવપરાશ

(૬) શૂન્યની ઉપર જીવન

પ્ર. ૪. નીચે આપેલા ઉદાહરણોને આધારે પ્રશ્નોના ઉત્તર ફક્ત શબ્દોમાં લખો (કોઈપણ <u>ચાર</u>) : **[૮]**

(૧) વ્યાયામનું પ્રમાણ વધારીને દિનેશે પોતાના શરીરમાંથી મેદ (ચરબી)નું પ્રમાણ ઓછું કરી દીધું. વ્યાયામ અને મેદનાં પ્રમાણમાં કયા પ્રકારનો સહસંબંધ છે ?

(૨) બબન હમેશા સામેની વ્યક્તિને સમજી શકે છે અને બધા સાથે હળી-મળીને રહે છે. બબનની અંદર બુદ્ધિમત્તાનો કયો પ્રકાર વધારે પ્રમાણમાં છે ?

(૩) બક્ષિસ અને પ્રશંસાથી શૈલેષ તરવાનું શીખી ગયો. અધ્યયનનો આ કયો પ્રકાર છે ?

(૪) અતિશય નિરાશ અને દુઃખી મનિષાને તેની સખીઓએ "અમે તારા દુઃખમાં સહભાગી છીએ" એવો દિલાસો આપ્યો અને તેને રોજ ફરવા જવાની સલાહ આપી. તો તેની સખીઓએ અલ્ગી (ALGEE) કૃતિ યોજનાંતર્ગત કઈ કૃતિનું અવલંબન કર્યું ?

(૫) તીવ્ર વેદનાનાં લીધે પ્રશાંતનાં પગની શસ્ત્રક્રિયા કરવી પડી. આ દુઃખમાંથી તે જલ્દી બહાર આવ્યો અને પહેલાની જેમ જ ક્રિકેટ સંઘમાં રમવા લાગ્યો, તો પ્રશાંતે કયા પ્રકારની લવચિકતા બતાવી ?

(૬) શિક્ષકે નમૂના અંતર્ગત વિદ્યાર્થીઓથી પ્રશ્નો પૂછીને રાષ્ટ્રીય શિક્ષણ ધોરણ ૨૦૨૦ (NEP) સંદર્ભાનુસાર તેમના મત વિશેની માહિતી એકઠી કરી, તો શિક્ષકે માહિતી એકઠી કરવા માટે કઈ પદ્ધતિનો ઉપયોગ કર્યો ?

પ્ર. ૫. નિમ્નલિખિત સંકલ્પનાઓને ૨૫ થી ૩૦ શબ્દોમાં લખો (કોઈપણ <u>પાંચ</u>) : **[૧૦]**

(૧) વૃત્તેતિહાસ પદ્ધતિ

(૨) વ્યક્તિમત્વ

(૩) સંવેદન

(૪) ગુસ્સાનાં કારણ

(૫) સૂચના અવસ્થા

(૬) સ્વસ્થ નિંદર - સ્વ-મદદ ઉપાય યોજના

(૭) સજગતા

પ્ર. ૬. નીચે આપેલા કોઈપણ <u>બે</u> પ્રશ્નોના ઉત્તર આપેલા મુદ્દાઓની મદદથી ૮૦ થી ૧૦૦ શબ્દોમાં લખો : **[૧૦]**

(૧) સમસ્યા નિવારણ પ્રક્રિયામાં યોગ્ય પગથિયા સ્પષ્ટ કરો :

મુદ્દા : (i) સમસ્યા ઓળખવી
(ii) પર્યાયી ઉપાય શોધવા
(iii) એકાદો ઉપાય નક્કી કરવો
(iv) ઉપાયની અમલબજાવણી કરવી

(૨) રાગ (ગુસ્સો) વ્યવસ્થાપન પ્રતિસાદ તંત્ર સ્પષ્ટ કરો :

મુદ્દા : (i) કુટુંબની વ્યક્તિઓ સાથે ચર્ચા
(ii) સામેની વ્યક્તિ સાથે બોલવું
(iii) સક્રિય શ્રવણ
(iv) પોતાનો ગુસ્સો પિંજરમાં બંધ કરવો

(૩) માનસિક વિકૃતિનાં નિકષ સ્પષ્ટ કરો :

મુદ્દા : (i) ચિકિત્સાલયીન લક્ષણો
(ii) મનઃસ્તાપ અને અક્ષમતા
(iii) કાર્યાત્મક બગાડ
(iv) તીવ્ર તાણમાં આપેલી સર્વસામાન્ય અપેક્ષિત પ્રતિક્રિયા માનસિક વિકૃતિનું લક્ષણ માનવામાં નથી આવતું.

પ્ર. ૭. આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ <u>એક</u> પ્રશ્નનો ઉત્તર ૧૫૦ થી ૨૦૦ શબ્દોમાં લખો : **[૧૦]**

(૧) બુદ્ધિમાપન તપાસણીનાં ઇતિહાસ વિશે સવિસ્તાર લખો.

(૨) વ્યક્તિત્વ માપનની વિવિધ રીતો સ્પષ્ટ કરો.

◆◆◆